**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૩ ટકા ● સાંજે ૨૭ ટકા

# કોરોનાની કટોકટીમાં કેમેરાની 'કિલક'..!!

**સંકલન : સમીર રામી**



## ગ્રાહકોની રાહ જોઈ રહેલા શેરડીના સાંઠા...!!

કોરોના વાઈરસ સંક્રમણની ચેઈન તોડવા સરકારે લાદેલા લૉકડાઉનને ૧૪ દિવસ થઈ ગયાં છે અને દેશભરમાં નાના-મોટા તમામ વેપાર-ધંધા ઉદ્યોગો ઠપ્પ થઈને પડયાં છે. ગાંધીનગરમાં પણ લૉકડાઉનનો ચુસ્ત અમલ કરવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે જેને કારણે અત્યારે ઉનાળાની સીઝન શરૂ થઈ ગઈ હોવા છતાં આ સીઝનમાં સૌનો મનપસંદ 'શેરડીનો રસ' પીરસતું આ કોલું પણ વેપારીએ બંધ રાખ્યું છે અને શેરડીના જથ્થાને બાંધીને એવી રીતે મુકયો છે જાણે આ શેરડીના સાંઠા કયારે ગ્રાહક આવશે તેની રાહ ના જોઈ રહ્યાં હોય...!!



## ગામના અગ્રણી લૉકડાઉનમાં ગ્રામજનોની પડખે

ગાંધીનગરના વાવોલ ખાતે પણ લૉકડાઉનની અસર તળે જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારની હાલત મુશ્કેલીભરી બની રહી છે. આ સંજોગોમાં ગામના પૂર્વ સરપંચ અને અગ્રણી વિક્રમસિંહ ગોલ દ્વારા ઘરે ઘરે ફરીને હેન્ડ સેનેટાઈઝર પુરા પાડવા સાથે ગ્રામજનોના હાલચાલ પુછી જરૂર જણાય ત્યાં આર્થિક મદદ પણ પુરી પાડવામાં આવી હતી.

## કુડાસણમાં ૩૦૦ પરિવારો માટેનો ભોજન સેવા યજ્ઞ



દેશભરમાં કોરોના મહામારીના કારણે લૉકડાઉનની સ્થિતિ પ્રવર્તી રહી છે. જેમાં ગાંધીનગરના કુડાસણ સહિતના વિસ્તારમાં સેંકડો પરિવારો જેઓ રોજનું કમાઈને ખાતાં હોય તેમને બે ટંક ભોજન પુરું પાડવાનું સેવાકાર્ય વૈદિક પરિવારના અરવિંદ રાણા તથા મહેન્દ્ર ગાંધીના માર્ગદર્શનથી ચલાવાઈ રહ્યું છે. આ ભોજન સેવા માટે કુડાસણના શુકન સ્કાયમાં ભોજન તૈયાર કરવામાં આવી રહ્યું છે. જેમાં સરગાસણ ખાતેની વૃંદાવન-૨ સોસાયટી અને માસ્ક સહિતની સુરક્ષા સાથે આશરે ૩૦૦ પરિવારો માટે ભોજન બનાવે છે. આ સેવાકાર્યમાં શુકન સ્કાયના સુહાગ સોની, રાકેશ પટેલ, અરવિંદ પટેલ, નરેન્દ્ર પટેલ, દિપક પટેલ, ભરત પટેલ, દિનેશ પટેલ, આશીષ જોશી તથા વૃંદાવન-૨ના રાજ વાળંદ, અલ્પેશ પટેલ, દિનેશ પટેલ સહિત બંને સોસાયટીની મહિલાઓ સેવા આપી રહી છે.

## સે-૨૪માં સેવાકાર્યમાં વ્યસ્ત સેવાભાવી સ્વયંસેવકો...!!



સાથી હાથ બઢાના સાથી રે...!! જયારે પણ દેશમાં કોઈ આપત્તિ આવે છે ત્યારે ત્યારે દેશવાસીઓ આ જુસ્સા સાથે એક થઈને તેનો સામનો કરવા લાગી જાય છે. અત્યારે કોરોના વાઈરસનો કહેર આખા વિશ્વ પર છવાયો છે અને છેક ગાંધીનગરની ગલીઓ સુધી તેની અસર વર્તાઈ રહી છે. શહેરમાં લૉકડાઉનની પરિસ્થિતિમાં સેકટર-૨૪માં રહેતા જરૂરિયાતમંદ વર્ગના ૩૨૫ શ્રમજીવી પરિવારોને ઘરે ઘરે જઈને ભાજીપાઉનું ભોજન સેકટરના જય અંબે હરસિધ્ધનગર વસાહત સેવા ટ્રસ્ટ દ્વારા પુરું પાડવામાં આવી રહ્યું છે.

## એસઆરપી કેમ્પસના ૩૦૦ પરિવારોને કરિયાણાની કીટનું વિતરણ

કોરોનાની કટોકટીમાં કરૂણાની સરિતા વહી રહી છે. શહેરના સેકટર-૨૭માં એસઆરપી કવાટર્સ ખાતે લાયન્સ કલબ ઓફ ગાંધીનગર દ્વારા એસઆરપી સોસાયટીના સહયોગથી કેમ્પસના ૩૦૦ મધ્યમવર્ગીય જરૂરિયાતમંદ પરિવારોને કરિયાણાની કીટનું વિતરણ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. આ માટે કેમ્પસમાં ટેન્ટ બાંધીને સ્વયંસેવકો સેવા આપી રહ્યા છે.



## ગાંધીનગર જિલ્લાના માણસામાં સફાઈ કર્મીઓનું હેલ્થ સ્ક્રિનીંગ કરાયું



ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે કોરોનાએ દસ્તક દીધી તે સાથે જ માણસા શહેરમાં જીવના જોખમે સફાઈ કરી સ્વચ્છતા જાળવા કાર્યરત સફાઈ કામદારોનું સ્ક્રિનીંગ હાથ ધરવામાં આવ્યું હતું. માણસા અર્બન હેલ્થ સેન્ટરના મેડીકલ ઓફિસર ડૉ. ધ્વનિ મેવાડા તથા તેમની ટીમે નગરપાલિકાના તમામ સફાઈ કામદારોના આરોગ્યની તપાસણી કરી હતી તેમજ હવે આગામી સમયમાં નગરપાલિકાના સ્ટાફ તથા પોલીસ કર્મચારીઓના આરોગ્યની તપાસનું તાલુકા બ્લોક હેલ્થ કક્ષાએ આયોજન કરવામાં આવ્યું છે.

# મધુર ડેરી દ્વારા પી.એમ કેર્સ અને સી.એમ રિલીફ ફંડમાં દાન



## પી.એમ કેર્સ ફંડમાં ૯,૯૯,૯૯૯ અને ગુજરાત સરકારના સી.એમ રિલિફ ફંડમાં રૂપિયા ૨૧ લાખનું દાન

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ, મધુર ડેરી દ્વારા કોરોના વાયરસથી સંક્રમિત થતી તમામ બાબતોને ધ્યાનમાં લઈને સંપૂર્ણ પ્રોટેક્શન સાથે ગાંધીનગર જિલ્લાના પશુપાલકો તેમજ ગ્રાહકોને દૂધ અને દૂધની બનાવટો તેમજ શાકભાજી જેવી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ સતત પૂરી પાડવામાં આવી રહી છે. આ કપરી અને કટોકટીની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ ગુજરાત જરૂર પડે ત્યાં અમારા કર્મચારીઓ ૨૪ કલાક કામગીરી કરવા માટે તત્પર છે. કોરોનાની કહેર સામે ગુજરાત સરકાર અને ભારત સરકાર પણ લડત આપી રહી છે ત્યારે મધુર ડેરી દ્વારા પી.એમ કેર્સ ફંડમાં ૯,૯૯,૯૯૯ અને ગુજરાત સરકારના સી.એમ રિલિફ ફંડમાં રૂપિયા ૨૧ લાખનું આજે દાન આપવામાં આવ્યું છે. આ ઉપરાંત મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ આર.રાણા દ્વારા જણાવાયું છે કે તેઓ અને તેમની સંસ્થાના કર્મચારી કોરોના વાયરસ સામે લડવા માટે સરકાર ની સાથે જ છે . જો મધુર ડેરીને આ બાબતે કામગીરી કરવાની તક મળે તો તેઓ તૈયાર છે.



ગ્રીષ્મ ઋતુના આગમનની છડી પોકારાઈ ચુકી છે અને શહેરમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રી વટાવી ચુકયો છે. ઉનાળાની વધી રહેલી ગરમીમાં કોરોના વાઈરસને અટકાવવા લાદવામાં આવેલા લૉકડાઉનનો અમલ વધુ સારી રીતે થઈ રહ્યો છે કેમ કે દિવસ દરમ્યાન રહેતા તાપને કારણે નાગરિકો હવે ઘરની બહાર નીકળવાનું ઓછું કરી રહ્યા છે. આ વધતી ગરમીમાં શહેરના અબોલ પ્રાણીઓ પણ ઠંડક મેળવવા પોતપોતાની રીતે પ્રયાસ કરવા લાગ્યા છે. જેમાં ગાયોના ધણ શહેરની વનરાજીના વૃક્ષોના છાયંડે નિરાંત માણી રહ્યું છે તો આ શ્વાનને તો જયાં સુધી ખાબોચિયામાં ડૂબકી ના લગાવે ત્યાં સુધી ઠંડક મળતી લાગતી નથી.

# લોકડાઉનનો ભંગ કરનાર ૯૭ શખ્સો સામે જાહેરનામા ભંગનો ગુનો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં લોકડાઉનનો ભંગ કરનાર ૯૭ શખ્સો જાહેરનામાનો ભંગ કરતા પોલીસના હાથે ઝડપાયા છે. પોલીસના હાથે ઝડપાયેલા ઈસમોમાં મોટાભાગના બિન-જરુરી રીતે આંટાફેરા મારતા, એકઠા થઈને બેઠેલા, કામ વિના ફરતા ઈસમોનો સમાવેશ થાય છે. કોરોના વાયરસના લોકડાઉનમાં કામ વિના ફરતા શખ્સો સામે પોલીસ તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરાશે.

લોકડાઉનમાં પોલીસે ભાટ સુમુલ બંગ્લોઝ પાસેથી ૯, ઝુંડાલ ઘનશ્યામ નગર સોસાયટી પાસેથી ૩, ખોરજ ઉમિયાનગર પાસેથી ૪, લેકાવાડા પાટીયા નજીક થી ૩, ચિલોડા વૃદાવન ગેસ્ટ હાઉસ સામેથી ૩ અને પ્રાથમિક શાળા નજીકથી ૫ નાગરીકો પકડાયા છે. જયારે ડભોડાના આતાજીના છાપરા નજીકથી ૨, કુડાસણ શુકન આઈ ફલેટ પાસેથી ૧, ધોળાકુવા ગામમાંથી ૫ નાગરીકો અને કુડાસણ પાસેથી એક શખ્સને પોલીસે પકડી પાડ્યો હતો. ઈન્દ્રોડા ગામની વિવિધ જગ્યાએ થી ૭, રાંધેજા ૪ જગ્યાએથી ૧૨ નાગરીકો એકઠા થયેલા જોવા મળ્યા હતા. પોલીસે તમામ શખ્સોને પકડી પાડી જાહેરનામાં ભંગનો ગુનો કરતા પકડાયા હતા.મહુન્દ્રા ગામે થી ૬, બોરીજ ગામે અલગ અલગ સ્થળેથી ૭ , પેથાપુર સંજરીપાર્ક -૩ પાસેથી ૧૨ શખ્સોનું ટોળુ એકઠા થતા તમામને પકડી પાડી કાયેદસરની કાર્યવાહી કરી છે. જયારે શહેરી વિસ્તારમાં સેકટર-૩૦ સુવિધા કચેરીપાસેથી , સેકટર-૨૪ વિવિધ સ્થળે થી ૭, સેકટર-૧૩ છાપરા નજીક થી ૩, સેકટર-૨૫ સરકારી વસાહત પાસેથી ૨ નાગરીકો જાહેરનામા ભંગ બદલ પકડાયા હતા. જયારે પોલીસે લોકડાઉન વચ્ચે બિન જરુરી વસ્તુઓનું વેચાણ કરતા નાગરીકો સામે પણ કડક હાથે કાર્યવાહી હાથ ધરી છે.




## સળંગ બે રજા પછી બેંકોમાં ગ્રાહકોની કતારો...!!

એક તરફ કોરોનાને લીધે લૉકડાઉન સ્થિતિમાં બેંકો ચાલુ હોવા છતાં બેકીંગ કામકાજ પર વિવિધ મર્યાદાઓ બાંધીને સોશ્યલ ડિસ્ટન્સિગ જળવાઈ રહે તેનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ સ્થિતિમાં રવિવાર પછી સોમવારે મહાવીર જયંતિની એમ બે સળંગ રજાઓ આવી જતાં મંગળવારે બેંકોમાં ગ્રાહકોની સંખ્યા વધુ જોવા મળી હતી. આ સમયે સોશ્યલ ડિસ્ટન્સિગ જાળવવામાં ગ્રાહકોને પોતાનો વારો આવે તે માટે લાંબા સમય સુધી રાહ જોવી પડતી હતી.



કોરોના વાયરસના લીધે શહેર તથા દેશના ઘણા પરિવારજનો મુશ્કેલીમાં મુકાયા છે. આ સંદર્ભે મુખ્યમંત્રી રાહત ફંડમાં કોઈ પણ નાગરિક પોતાનો ફાળો નોંધાવી શકે છે આ બાબતે ધ્યાનમાં લઈને રાયસણ લીમ્બચ માતાના મંદિર દ્વારા મુખ્યમંત્રી રાહત ફંડમાં દાન આપવામાં આવ્યું હતું.




કોરોના **lockdown** ને ધ્યાનમાં રાખીને શહેરના નાગર પરિવારો દ્વારા હાટકેશ જયંતીની ઉજવણી પોતાના ઘરમાં જ રહીને કરવામાં આવી હતી. ત્યારે શહેરના સેક્ટર ૭ ડી સ્થિત મહેશભાઈ ડી. રાવલ દ્વારા પણ તેમના પરિવારજનો સાથે હાટકેશ જયંતીની ઉજવણી ઘરમેળે કરવામાં આવી હતી.

## હનુમાન જયંતિ પર કોરોના નાબુદિ માટે સુંદરકાંડ પાઠ યોજાશે

ગાંધીનગર, તા.૭

સુંદરધામ પરિવાર દ્વારા દાદાના સન્મુખ બેસીને સુંદરકાંડ પાઠ સમગ્ર વિશ્વમાં કોરોના વાઈરસ નાબુદ થાય તે હેતુથી પાવન પવિત્ર હનુમાન જયંતિના રાત્રે યોજાશે. શ્રી ભારતીબાપુ-દિલીપગુરુજી-ચૈતન્યભારતી ત્રણે જણ બેસીને પાઠ કરશે કારણ કે ભારત સરકારના આદેશનું પાલન કરી વધુ વ્યકિત ભેગા ના થઈ આ સુંદરકાંડના પાઠ દાદાને અર્પણ કરવામાં આવશે. આપ આપના ઘરે રહીને આ સુંદરકાંડ પાઠમાં જોડાવા ઈચ્છતા હોવ તો યુટયુબ ચેનલ **Sundardham bhartibapu** દ્વારા જોડાઈ રાત્રે ૯ કલાકે જોડાઈ શકશો તેવું અખબારી યાદી દ્વારા જણાવાયું છે.



કોરોનાને કારણે શહેરની શાળામાં વેકેશન મોડ ચાલી રહ્યો છે ત્યારે બાળકો ઘરે બેસી કંઈક નવું ક્રિએટિવ કાર્ય કરી રહ્યા છે. શહેરના કુડાસણ સ્થિત પોદ્દાર ઈન્ટરનેશનલ શાળાની ધોરણ સાત માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની વિક્ષા સચિન ભટ્ટ દ્વારા આ સમયનો સદુપયોગ કરી પેઈન્ટિંગ બનાવવામાં આવ્યું હતું.

શહેરના જરૂરીયાત મંદને મદદ કરવા માટે ઘણી સંસ્થાઓ વહારે આવી છે તેમજ શહેરના હેમરાજભાઈ તથા પુનિતભાઈ દ્વારા દરરોજ જરૂરીયાત મંદને સેવા આપવામાં આવી રહી છે.



